# પેટલાદમાં દુકાનો ‘મફત’ મેળવવાનું અભિયાન પૂરજોશમાં !

**પાલિકા પ્રમુખ દ્વારા વહીવટ, વધુ એક સ્થળે સરકારી જમીન દબાણકારો માટે ફળવાઈ**


તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.24

પેટલાદમાં રેલ્વે સ્ટેશન પાસે માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગની કચેરી આવેલ છે. આ કચેરી બહાર છ જેટલા કાચા કેબીનોનું દબાણ હતું. જેને પાલિકાના હસ્તક્ષેપથી પંચાયત પેટા વિભાગે જમીનની લ્હાણી કરી છે. પાલિકા દ્વારા દબાણો દૂર કરી રસ્તા ખુલ્લા કરવામાં આવી રહ્યા છે, પરંતુ સરકારી જમીન મફતમાં ફાળવી દબાણકારોને પાકી દુકાનોનો વહીવટ ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા કરી આપવાનો આ ત્રીજો કિસ્સો છે. શહેરમાં વિકાસના નામે બેધારી નીતિ અપનાવી પાલિકાના સીઓ અને પ્રમુખ દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાની વાત નગરજનોમાં ચર્ચાસ્પદ બનવા પામી છે. છતાં ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા ભેદી મૌન અનેક સવાલો ઉભા કરી રહ્યા છે.

પેટલાદમાં સ્ટેશન રોડ સ્થિત માર્ગ અને મકાન (પંચાયત) વિભાગની કચેરી આવેલ છે. જેની આગળ છ જેટલા કાચા કેબીનોનું દબાણ હતું. આ દબાણો સદંતર દૂર કરવાને બદલે પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખે કેબીન ધારકોને પંચાયત પેટા વિભાગની જમીન મફતમાં અપાવી પાકી દુકાનોનો વેપલો ગોઠવી આપ્યો છે. પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા રેલ્વે સ્ટેશનથી એસટી સ્ટેન્ડ સુધીના 66, પોલીસ લાઈન બહારના 36 અને હવે વધુ આ 6 કાચા કેબીનોના દબાણોની જગ્યાએ સરકારી જમીન ઉપર પાકી દુકાનો બનાવવાનો તખ્તો ઘડી કાઢ્યો છે. રસ્તા પહોળા કરવા અને દબાણકારોની રોજગારી યથાવત્ રાખવાના બહાના હેઠળ સરકારી જમીન મફતમાં પધરાવી પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. મળતી માહિતી મુજબ પેટલાદ પાલિકાના ચીફ ઓફિસરે 20મી ફેબ્રુઆરીના રોજ માર્ગ અને મકાન વિભાગની પેટલાદ કચેરીના નાયબ ઈજનેરને લેખિત રજુઆત કરી હતી. જેમાં પાલિકાના ચીફ ઓફિસરે ચાર મુદ્દા આધારિત રજુઆત કરી હતી. સાથોસાથ પંચાયત પેટા વિભાગ હસ્તકની જમીનમાં આ છ કેબીનોની જગ્યાએ પાકી દુકાન બનાવવા સંમતિ માંગી હતી. જે સંદર્ભે નાયબ ઈજનેર દ્વારા સંમતિ અપાઈ હોવાનું જાણવા મળે છે. તો શું એક અધિકારી તરીકે પાલિકાના ચીફ ઓફિસર દબાણકારો માટે બીજા સરકારી વિભાગ પાસે જમીન માંગી શકે ? આવી સરકારી જમીનની ફાળવણી શા માટે વિના મૂલ્યે કરવામાં આવતી હશે ? આવા અનેક સવાલો નગરજનોમાં ઉઠવા પામ્યા છે.

**બેધારી નીતિ ખુલ્લી પડી !**

પેટલાદમાં રેલ્વે સ્ટેશન બહાર પોલીસ ચોકી બાજુના છ જેટલા કાચા કેબીનો રાત્રીએ તોડી પાડવામાં આવ્યા છે. આ દબાણો દૂર કરવામાં આવી રહ્યા હતા તે જ સમયે માત્ર સો ફુટના અંતરે પાલિકા પ્રમુખની હાજરીમાં પતરાવાળું કાચું કેબીન ઉભું કરવામાં આવી રહ્યું હતું. આ હાસ્યાસ્પદ કામગીરી નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

**હવે...જેત્રાના વડનો વારો...!**

પેટલાદમાં દબાણો કરનારને પાલિકા પ્રમુખ સરકારી જમીન ભેટમાં આપી રહ્યા છે. અત્યાર સુધીમાં આશરે 108 જેટલા દબાણકારોને સરકારી જમીન મફતમાં અપાવી પાકી દુકાનો બનાવડાવી વેપલો કરી ચુક્યા છે. આમ તો જમીન મફત અપાવી સ્વૈચ્છિક બાંધકામના નામે લાખોનું ઉઘરાણું મળતીયા કોન્ટ્રાક્ટર પાસે કરાવી તગડો વેપાર ચાલી રહ્યો છે. જેમાં હવે જેત્રાના વડ પાસે આવેલા કાચા કેબીન ધારકોનો વારો આવ્યો છે. આ દબાણકારો સાથે મિટીંગોના દોર શરૂ થઈ ચુક્યા છે. જોવાનું એ રહેશે કે પાલિકાની પ્રમુખનું શાસન અંતિમ ચરણમાં છે ત્યારે હજી આવા કેટલા તઘલખી નિર્ણયો લેવાય છે ?

# પેટલાદના નારમાં ટ્રકપાછળ કાર ઘુસી જતાં એકનું મોત

**અકસ્માતમાં કારની એરબેગ ખુલતા પતિનો આબાદ બચાવ**

(પ્રતિનિધિ) પેટલાદ તા.24

તારાપુર-વાસદ હાઈવે પર આવેલા નાર ગામના ઓવરબ્રિજ પર લીમડીથી લગ્ન પ્રસંગ પતાવી સુરત જઈ રહેલા દંપતીની કાર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ દુર્ઘટનામાં કાર ચાલકની પત્નીનું મોત નીપજ્યું છે.

સુરત ખાતે રહેતા પ્રદીપસિંહ ઉદેસિંહ ડોડીયા ગત 20મી ફેબ્રુઆરીના રોજ તેમની ક્રેટા ગાડી (GJ05RH2727) લઈને પત્ની કિર્તીબેન સાથે લીમડી લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે નાર ગામના ઓવરબ્રિજ પર પ્રદીપસિંહે અચાનક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર આગળ ચાલતી ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માત સમયે કારની એરબેગ્સ ખુલી જતાં પ્રદીપસિંહનો બચાવ થયો હતો, પરંતુ બાજુની સીટ પર બેઠેલા કિર્તીબેનને કારના બોનેટનું પતરું માથાના ભાગે વાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.

આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક 108 મારફતે તારાપુર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે પ્રદીપસિંહના સંબંધી સંજયસિંહ વાળાએ અકસ્માત માટે જવાબદાર કાર ચાલક પ્રદીપસિંહ ડોડીયા સામે પેટલાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**કપડવંજમાં ઔદ્યોગિક વિકાસ માટે રેલવે કનેક્ટિવિટી અનિવાર્ય**

# નડિયાદ-કપડવંજ-મોડાસા રેલવે પુનઃ શરૂ કરવા માંગ

**કોરોના કાળથી બંધ ટ્રેનો ચાલુ કરવા કપડવંજના પ્રતિનિધિ મંડળની માંગ**


તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.24

નડિયાદ - કપડવંજ - મોડાસા રેલવે લાઈન પુનઃ શરૂ કરવા અને તેને દિલ્હી સુધી લંબાવવા ડીઆરએમને રજૂઆત કરવામાં આવી છે. કોરોના કાળથી બંધ પડેલી નડિયાદ - કપડવંજ - મોડાસા રેલવે લાઈનને ફરી ધમધમતી કરવા અને તેને વાયા શામળાજી - ટીટોઈ થઈ મુંબઈ - દિલ્હી માર્ગ સુધી લંબાવવાની માંગ સાથે કપડવંજના એક પ્રતિનિધિ મંડળે વેસ્ટર્ન રેલવેના DRM રાજુ પી. ભડકેને રૂબરૂ મળી રજૂઆત કરી હતી.

કપડવંજના પૂર્વ નગરપ્રમુખ મોનિકાબેન પટેલ, મ્યુનિસિપલ કાઉન્સિલર ચિન્ટુભાઈ પટેલ અને અન્ય આગેવાનોના બનેલા પ્રતિનિધિ મંડળે ડીઆરએમ સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, જો આ બ્રોડગેજ લાઈન પર હાલ માલગાડીઓ ચલાવવામાં આવતી હોય, તો પેસેન્જર ટ્રેનો કેમ શરૂ કરવામાં આવતી નથી ? આ રજૂઆતના પ્રત્યુત્તરમાં ડીઆરએમએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના સાંસદો દ્વારા રેલવે મંત્રાલયમાં રજૂઆત કરવામાં આવે તે જરૂરી છે.

આ રેલવે લાઈન બંધ હોવાને કારણે ખેડા, નડિયાદ અને આણંદ જિલ્લાના નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

# કઠાણા-વાસદ ખંડ પર રેલવે દ્વારાડિજિટલટિકિટનીપહેલ

(પ્રતિનિધિ) આણંદ તા 24

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ હેઠળના કઠાણા-વાસદ ખંડ પર દોડતી ટ્રેનોમાં તો રેલવે કર્મચારીઓ રૂબરૂ જઈને મુસાફર સાથે સીધો સંવાદ કરી RailOne એપની ઉપયોગિતતા સમજાવી રહ્યા છે. ડિજિટલ ટિકિટ માટે બુકીંગ કરવાની પ્રક્રિયા અને ડિજિટલ ટિકિટના કારણે બચતા સમય વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સમજાવટના કારણે અવરજવર કરતા મુસાફરોએ સ્થળ પર જ પોતાના સ્માર્ટ ફોનમાં RailOne એપ ડાઉનલોડ કરી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

ડિજિટલ ટિકિટ માટેની પહેલ માટે રેલવેના અધિકારીઓ જાતે ટ્રેનમાં અને સ્ટેશન પર જઈને લોકોને RailOne નામની મોબાઈલ એપ વાપરતા શીખવી રહ્યા છે. વડોદરા રેલવે દ્વારા કઠાણા- વાસદ ખંડ પર તેની પહેલ કરવામાં આવી છે. આના કારણે મુસાફરોના સમયનો બચાવ થવાની સાથોસાથ લાંબી લાઈનોમાં ઊભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળે છે. વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી (PRO) અનુભવ સક્સેનાના જણાવ્યાનુસાર વરિષ્ઠ મંડળ પ્રબંધક નરેન્દ્રકુમારના માર્ગદર્શન હેઠળ આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. મુસાફરોને આધુનિક ટેકનોલોજી સાથે જોડવા અને રેલવેની સેવાઓને વધુ પારદર્શક અને સરળ બનાવવા માટે આવા જાગૃતિ અભિયાનો આગામી સમયમાં પણ વિવિધ રૂટ પર સમયાંતરે આયોજિત કરવામાં આવશે. જોકે, કઠાણા-વાસદ ખંડમાં રેલ કર્મચારીઓ દ્વારા મુસાફરોને આ એપનો ઉપયોગ કરતા શીખવવામાં આવ્યું હતું.

**ખાનપુરના ગાંગટામાં પંચાલ સમાજનો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો**


ખાનપુર તાલુકાના ગાંગટામાં 32 ગામ પંચાલ સમાજ વિકાસ યુવક મંડળ દ્વારા આયોજિત 13મા સમૂહ લગ્નોત્સવ પ્રસંગે પરંપરાગત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાયેલા પાંચ નવદંપતીઓ, જેમને સમાજના શ્રેષ્ઠીઓ અને રાજકીય-સામાજિક અગ્રણીઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતાં. આ સમૂહલગ્ન ગાંગટા ગામની જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલના પરિસરમાં યોજાયો હતો. જેનું આયોજન 32 ગામ પંચાલ સમાજ વિકાસ યુવક મંડળ, વિરપુર-ખાનપુર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. તસવીર : ગીરીશ પંચાલ

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ભાઈકાકા યુનિ.ના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા દિન નિમિત્તે પ્રદર્શન-વેચાણ યોજાયું



**આણંદ |** ભાઈકાકા યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં યુનિવર્સિટીના પ્રાંગણમાં એક ભવ્ય એક્ઝિબિશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી, રજીસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી અને વુમન ડેવલપમેન્ટ સેલના હોદ્દેદારો દ્વારા હવામાં ફુગ્ગા છોડીને કરવામાં આવ્યું હતું. ૩. પ્રદર્શનમાં કુલ ૨૫ સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા, જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ખાણી-પીણી, હેન્ડલુમ કુર્તીઓ, જ્વેલરી અને આર્ટ ક્રાફ્ટ જેવી વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરાયું હતું.

### બાલાસિનોરમાં કમળા બાલમંદિરનો શાનદાર વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો




**બાલાસિનોર |** બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત કમળા બાલમંદિરનો વાર્ષિક ઉત્સવ સિદ્ધનાથ પાર્ટી પ્લોટમાં સંસ્થાના પ્રમુખ રંજનભાઈ પરીખના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તેજસભાઈ શાહ અને અતિથિ વિશેષ ગિરીશભાઈ શાહની ઉપસ્થિતિમાં ભૂલકાંઓએ ધમાકેદાર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. નાના બાળકોની શાનદાર પ્રસ્તુતિથી પ્રભાવિત થઈને ઉપસ્થિત વાલીઓ અને નગરજનોએ ઇનામોની જાહેરાત કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય પ્રીતિબેન કાછિયા અને સ્ટાફની જહેમતથી સફળ થયેલા આ કાર્યક્રમે આકર્ષણ જમાવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાલાસિનોરની કેએમજી હોસ્પિટલની 75 વર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી



**બાલાસિનોર |** બાલાસિનોરમાં કેએમજી જનરલ હોસ્પિટલના 75 વર્ષ પૂર્ણ થતા પ્લેટિનમ જ્યુબીલીની ભવ્ય ઉજવણી ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત નર્સિંગ કોલેજ માટે ₹70 લાખના માતબર દાનની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન વર્ષ 1942થી અત્યાર સુધીના હોસ્પિટલના ગૌરવશાળી ઇતિહાસની વિગતો રજૂ કરાઈ હતી અને રજનીકાંત શાહનું 25 વર્ષની નિસ્વાર્થ સેવા બદલ સન્માન કરાયું હતું,. આ ઉજવણીમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

### આણંદ કૃષિ યુનિ. ખાતે ‘ડિજિટલ એક્સ્ટેન્શન અને ખેડૂત સશક્તિકરણ’ પર રાષ્ટ્રીય સેમિનાર




**આણંદ |** એસઇઇજી અને આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ‘વિકસિત ભારત’ના પથ પર ખેડૂત સશક્તિકરણ વિષયક બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળ આયોજન થયું. કુલપતિ ડો. કે. બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને અને અન્ય યુનિવર્સિટીના કુલપતિઓની પ્રેરક ઉપસ્થિતિમાં સ્મરણિકાનું વિમોચન તથા વિવિધ પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટેકનિકલ સત્રોમાં પ્રગતિશીલ ખેડૂતોએ સફળતાગાથાઓ રજૂ કરી અને વૈજ્ઞાનિકો દ્વારા ડિજિટલ એક્સ્ટેન્શન અંગેના વિવિધ સંશોધન પત્રો અને પોસ્ટર પ્રસ્તુતિઓ રજૂ કરાઈ હતી.

### નડિયાદમાં સ્લમ - ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો




**નડિયાદ |** સંત આજ્ઞા પરિવાર માતૃછાયા દ્વારા ધોરણ 9થી 12ના 65 જેટલા નિરાધાર અને સ્લમ વિસ્તારના બાળકો માટે મોટીવેશનલ સેમિનારનું આયોજન કરાયું હતું. નિષ્ણાત વક્તાઓએ બ્લ્યુ પ્રિન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને વિષયવાર ગુણાંકન પદ્ધતિ સમજાવી પરીક્ષાને ભય વિના ઉત્સવ તરીકે ઉજવવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી અને જજ ડી. બી. જોશીએ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે સફળતા મેળવવા પ્રોત્સાહિત કર્યા હતાં. આયોજન અને એકાગ્રતા કેળવવાની રીતો જણાવી પ્રશ્નોતરી દ્વારા પરીક્ષાલક્ષી મૂંઝવણોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

### ચારુસેટ યુનિ. કેમ્પસમાં ભક્તિભાવપૂર્વક પ્રાર્થના હોલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો



**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી કેમ્પસમાં મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં નવનિર્મિત પ્રાર્થના હોલનો ભૂમિપૂજન સમારોહ શાસ્ત્રોક્ત વિધિ સાથે સંપન્ન થયો હતો. આ પ્રસંગે કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ, માતૃસંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ અને દાતા દેવાંગભાઈ પટેલ સહિત સંસ્થાના વિવિધ પદાધિકારીઓએ ઉપસ્થિત રહી પૂજન વિધિ કરી હતી. સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, આ હોલ જ્ઞાન, સંસ્કૃતિ અને શ્રદ્ધાના સુમેળભર્યા સમન્વયનું પ્રતીક બનશે.

### આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં ‘સમૂહ માધ્યમોની અસર’ પર નેશનલ સિમ્પોઝિયમ યોજાયું



**આણંદ |** એન.એસ. પટેલ આર્ટ્સ (ઓટોનોમસ) કોલેજના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા રુસા અને કેસીજીના સહયોગથી ‘સમાજ પર સમૂહ માધ્યમોની અસર’ વિષય પર રાષ્ટ્રીય કક્ષાના સિમ્પોઝિયમનું આયોજન કરાયુ હતું. આ પ્રસંગે ડો. હેમિક્ષા રાવે ઉદ્ઘાટન વક્તવ્ય આપ્યું હતું અને મુખ્ય વક્તા ડો. પી.કે. ગુપ્તાએ સોશિયલ મીડિયાને માનવજીવનમાં ગતિશીલતા લાવનારું અને ભૌગોલિક સરહદો ભૂંસી નાખનારું પરિબળ ગણાવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ અને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ભીખુભાઈ પટેલે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના પ્રભાવ વિશે વિચારો રજૂ કર્યા હતા.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડી ખાતે વિદાય સમારંભ યોજાયો




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડી, આણંદ ખાતે ધોરણ 10-12 નો વિદાય સમારંભ અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓના 115 થી વધુ વિજેતા વિદ્યાર્થીઓ સહિત CRPF માં પસંદ થયેલ ભૂમિ રબારી અને NCC ક્ષેત્રની પ્રતિભાઓનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી કેતનભાઇ રાણા અને અન્ય અતિથિઓની ઉપસ્થિતિમાં તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા. શાળાના આચાર્ય અને મંત્રીએ તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

### નડિયાદની કેડીસીસી બેંક દ્વારા વિવિધ સ્થળોએ નવનિર્મિત એટીએમ મશીનોનું લોકાર્પણ કરાયું




**નડિયાદ |** બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને અમૂલના ચેરમેન શાભેસિંહ પરમારના હસ્તે કેડીસીસી બેંકના નવા એટીએમ મશીનોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વીરપુર, કુંભારવાડી શાખા, અલુજીની વાવ અને સારિયા દૂધ મંડળી ખાતે ગ્રાહકો માટે આ સુવિધા હવે ઉપલબ્ધ થઈ છે. ચેરમેન તેજસકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ બેંકના ડિજિટલાઇઝેશનથી ગ્રાહકોને નાણાકીય વ્યવહારમાં વધુ સરળતા રહેશે. દૂધ ઉત્પાદકો અને ખાતેદારોને ઝડપી સેવાઓ પૂરી પાડવા માટે બેંક દ્વારા આ મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ કદમ ઉઠાવવામાં આવ્યું છે.

### બાકરોલની SPEC એન્જી. કૉલેજમાં એઆઇ ટેક્નોલોજી પર હેન્ડ્સ ઓન ટ્રેનિંગ યોજાઈ




**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ખાતે ‘ધ એઆઈ - ફર્સ્ટ ડેવલોપર’ વિષય પર વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાત ફૈઝલ વહોરાએ વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત વેબ ડેવલપમેન્ટ અને ભવિષ્યના આધુનિક ટૂલ્સ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ડો. નાનક પમનાણી અને વિભાગીય વડા પૂજા રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ ટ્રેનિંગમાં CS, IT અને કમ્પ્યુટર વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીગણે સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

### કપડવંજના તોરણા હાઇસ્કૂલ ખાતે ઇનામ વિતરણ અને શિક્ષક સન્માન સમારોહ યોજાયો



**કપડવંજ |** કપડવંજની તોરણા હાઇસ્કૂલમાં ધોરણ 9 થી 12 ના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ અને સંસ્કૃત શિક્ષક કમલેશભાઈ પટેલનો સન્માન સમારોહ યોજાયો હતો. કેળવણી મંડળના પ્રમુખ મહેશભાઈ પટેલના હસ્તે દ્વિતીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓને પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન સુરેશભાઈ પટેલે ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓને સફળતાની શુભેચ્છાઓ પાઠવી શાળાનું નામ રોશન કરવા હાકલ કરી હતી. આચાર્ય યોગેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન કમલેશ પટેલે અને આભારવિધિ મધુસુદન પટેલે કરી હતી.